# મોડાસા-વાત્રકની કોવિડ હોસ્પિટલ દર્દીઓથી હાઉસફુલ

## બંન્ને હોસ્પિટલોમાં ૧૨૦ બેડની સુવિધા કરવા આદેશ અપાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫ અરવલ્લી જિલ્લામાં સરકારી કોવિડ હોસ્પિટલ અને જેલની સ્થિતિ કોરોનામાં એક સરખી થઈ છે. જેલમાં પણ ક્ષમતા કરતાં વધુ કેદીઓ ભરાયા છે તેમ કોવિડ હોસ્પિટલોમાં પણ આવી સ્થિતિ દરવાજે આવીને ઉભી છે. મોડાસા અને વાત્રકની કોવિડ હોસ્પિટલો ૮૦ બેડની સુવિધા ઉભી કર્યાના ગણતરીના કલાકોમાં જ બેડ હાઉસ્ફુલ થતાં તંત્ર મૂંઝવણમાં મૂકાયું છે. કોરોનાના કેસ વધતાં બંન્ને હોસ્પિટલોમાં ૮૦ બેડની સુવિધામાં વધુ ૪૦ બેડનો ઉમેરો કરી ૧૨૦ બેડ ઉભા કરવા આદેશ કરાયો છે. જો કે હજુ ૧૨૦ બેડની સવલત ઉભી થઈ ન હોવાથી કેટલાક દર્દીઓ વેઈટીંગમાં હોવાનું મનાઈ રહ્યું છે. ગત રોજથી જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની મીટીંગોનો દોર આરંભાયો હતો તેના ઉપરથી જ સ્થિતિ કંઈક વણસતી હોય તેવા સંકેત મળ્યા હતા.

કોરોનાનું ભયંકર સ્વરૂપ હવે મધ્યાહને ચાલી રહ્યું છે. વિવિધ વેપારીઓ અમારો ધંધો સારો ચાલે તેવી પ્રાર્થના કરતા હોય છે ત્યારે અરવલ્લી જિલ્લાના ડાૅક્ટરો કોરોનાનું સંક્રમણ બેકાબુ થયા પછી અમારો ધંધો મંદો ચાલે તેવી મનોમન પ્રાર્થના કરતા હશે કારણ કે કોરોનાના કેસમાં ઉછાળો આવ્યા પછી નાના-મોટા ડાૅક્ટરો હોસ્પિટલોમાં એટલી હદે ભીડ છે કે સામાન્ય તાવ-શરદીનું દર્દી જોઈ ડાૅક્ટર પોતે પણ ડરામણા બની જાય છે. જિલ્લામાં કોરોનાએ એટલી હદે માથું ઉંચક્યું છે કે મૃત્યુ દર સતત ઉંચકાઈ રહ્યો છે પરંતુ આરોગ્ય વિભાગે મૃત્યુ દરના આંકડા જાહેર નહીં કરવાની નેમ લેતાં જાહેર થતા નથી પરંતુ કોરોનાના દર્દીઓમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન આવેલો ઉછાળો ઘણી બધી બાબતો ઉપર અંગૂલી નિદર્શન કરી રહ્યો છે. બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા અને મેઘરજ તાલુકામાં રેપિડ ટેસ્ટમાં કોરોના પોઝિટિવ દર્દીઓમાં ઉછાળો આવ્યા પછી આર.ટી.પી.સી.આર. દર્દીઓમાં અનેક દર્દીઓને કોરોના ચેપ હાઈ રીસ્કી હોવાનું પણ બહાર આવી રહ્યું છે.

સસ્તી સારવાર માટે મોટાભાગના લોકો સરકારી કોવિડ હોસ્પિટલને પસંદ કરતાં મોડાસા અને બાયડના વાત્રકની કોવિડ હોસ્પિટલ સંપૂર્ણ દર્દીઓથી ભરાઈ છે. સરકાર દ્વારા આર.ટી.પી.સી.આર. રિપોર્ટ માટે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સેન્ટર ઉભું કરાયું છે તે જોતાં હવે ભિલોડામાં પણ ૮૦ બેડની સરકારી કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવે તો મોડાસા અને વાત્રકની હોસ્પિટલના તબીબી સ્ટાફને સામાન્ય રાહત થઈ શકે.

### બંન્ને હોસ્પિટલોમાં ૧૨૦ બેડની સુવિધા માટે સૂચના અપાઈ : આરોગ્ય વિભાગ

બે દિવસ પછી આરોગ્ય વિભાગના જવાબદારોએ ફોન ઉપાડવાની તસ્દી લીધી જેમાં જાણવા મળ્યું કે વાત્રક અને મોડાસાની સરકારી કોવિડ હોસ્પિટલમાં વધતા કોરોનાના દર્દીઓને ધ્યાનમાં લઈ બે દિવસ અગાઉ જ ૧૨૦-૧૨૦ બેડની સુવિધા ઉભી કરવા સૂચના આપવામાં આવી હોવાનું જણાવ્યું હતું.



### માસ્ક-હેન્ડગ્લોઝ પહેરવાનું ભૂલ્યા

## જિલ્લાના કોરોનાગ્રસ્ત મોડાસામાં શાકભાજી વેચતા લારીવાળા સુપરસ્પ્રેડર બનવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫ મોડાસા શહેરમાં કોરોનાના કહેરને રોકવા માટેની કામગીરી કાગળ ઉપર ચાલતી હોય તેવી સ્થિતિ છે. ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો નેવે મૂકાયા છે તેમાંય જૂના બસ સ્ટેશનથી ચાર રસ્તા અને નવજીવન ચોક સહિતના વિસ્તારોમાં શાકભાજી વેચતા લારીવાળાઓ સંક્રમણમાં બેદરકાર બન્યા છે. માસ્ક અને હેન્ડગ્લોઝ પહેર્યા વગર ગ્રાહકોને શાકભાજીનું વેચાણ કરવામાં આવતું હોવાથી રખેને કોઈ શાકભાજીનો વેપારી કોરોના સંક્રમિત હોય તો શાકભાજી ખરીદનારા અસંખ્ય ગ્રાહકો કોરોનામાં સપડાઈ જવાની દહેશત છે.

કોરોનાના સંક્રમણે ઘાતક સ્વરૂપ ધારણ કર્યું છે. જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં મોડાસાની કોવિડ હોસ્પિટલમાં ૯ લોકોના મોતથી હાહાકારની સ્થિતિ આરોગ્ય વિભાગ મોત અને સંક્રમણના આંકડાઓ ઉપર પડદો પાડવાની ફીરાકમાં લાગ્યું છે. ત્યારે મોડાસાનગરમાં પણ હવે કોરોનાનું સંક્રમણ વધુ ને વધુ બેકાબુ બને તેવી દહેશત છે. નગરમાં કોરોનાનું સંક્રમણ રોકવા માટે એક તરફ વેપારીઓ અને પાલિકાનું તંત્ર નિઃશુલ્ક માસ્ક વિતરણ તેમજ સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું પાલન થાય તે માટે કામગીરી કરે છે પરંતુ શાકભાજીના લારીવાળાઓને જાણે કે સંક્રમણની કોઈ ફીકર જ ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સ્થાનિક તંત્ર ફરજીયાત માસ્કની કામગીરી માટે નિકળે ત્યારે જ દેખાડા ખાતર માસ્ક લગાવવામાં આવતા હોય છે. મોડાસાનગરમાં માસ્ક ન પહેરવાના કારણે શાકભાજીના લારીવાળાઓ સુપરસ્પ્રેડર બનવાની ભીતી છે.

મોડાસાના જૂના બસ સ્ટેશન વિસ્તારથી માંડી નવજીવન ચોકમાં ઉભા રહેતા શાકભાજીના લારીવાળાઓ પાસેથી સવાર-સાંજ અસંખ્ય ગ્રાહકો શાકભાજી ખરીદતા હોય છે પરંતુ લારીવાળાઓ મોંઢે માસ્ક ન લગાવવાની સાથે હાથમાં હેન્ડ ગ્લોઝ પણ પહેરતા ન હોવાથી શાકભાજી ખરીદવામાં કોરોના ઘર સુધી પહોંચે તેવી દહેશત સેવાઈ રહી છે.

### મોડાસામાં રેપિડ ટેસ્ટમાં દરરોજ ૮૦ ટકા પોઝિટિવ

સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ મોડાસામાં દરરોજ ૧૫૦ થી ૨૨૫ લોકોના રેપિડ ટેસ્ટ થઈ રહ્યા છે જેમાંથી ૮૦ ટકા રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં કાં તો સંક્રમણ બેકાબુ બન્યું છે કાં તો રેપિડ કીટની ગુણવત્તા ઉપર શંકા કરવી પડે..!!



### અરવલ્લી જિલ્લા વહીવટી કચેરી કોરોનાનું હોટ સ્પોટ

## ડી.ઈ.ઓ., ડી.પી.ઓ., ગ્રામ વિકાસ એજન્સીના ૯ કર્મચારી કોરોનાની ઝપેટમાં

### શિક્ષણ વિભાગમાં કોરોના જીવલેણ બનતાં ચિંતા વધી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫ કોરોનાની બીજી લહેરમાં જિલ્લાનું વહીવટી તંત્ર હોંફી ગયું છે. પ્રજા મોટાપાયે કોરોનાથી સંક્રમિત બની છે પરંતુ હવે અધિકારી-કર્મચારીઓ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. પાછલા ૪ દિવસમાં અરવલ્લી જિલ્લા વહીવટી કચેરી કોરોનાનું હોટસ્પોટ બનતાં જિલ્લાની અનેક વહીવટી કામગીરીમાં વિલંબની સંભાવના છે. અરવલ્લી જિલ્લા ડી.ઈ.ઓ., ડી.પી.ઓ. કચેરી અને ગ્રામ વિકાસ એજન્સીના ૯ થી વધુ કર્મચારી કોરોનાની ઝપેટમાં આવતાં હોમ ક્વોરન્ટાઈન થઈ ગયા છે. જાણે અજાણે આવા અધિકારી-કર્મચારીઓના સંપર્કમાં આવેલા મુલાકાતીઓની ઉંઘ હરામ થઈ છે.

જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કપરા કાળમાં પ્રજા લાપરવાહ બન્યા પછી તેનાં ગંભીર પરિણામો વહીવટી તંત્ર ઉપર હાવિ થયાં છે. એક પછી એક વિવિધ વિભાગોના અધિકારી, કર્મચારી, આઉટ સોર્સિંગ કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવતાં તાલુકા મથકની સરકારી કચેરીઓમાં પણ ભય ડોકાયો છે. અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના એક પછી એક ૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થતાં અનેક યોજનાકીય કામોની ગતિમાં અવરોધ આવી શકે છે. અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના કેટલાક કર્મચારીઓ કોરોનાગ્રસ્ત બનતાં શિક્ષણ વિભાગમાં પણ જાણે કોરોના હાવિ થયાની સ્થિતિ છે. ગામડાઓમાંથી મોટી સંખ્યામાં જિલ્લા પંચાયત અને સેવા સદનમાં કામ માટે મુલાકાતીઓ આવતા હોય છે જેથી ગ્રામ્ય પ્રજાના કારણે સરકારી કચેરીમાં કોરોનાનું ગ્રહણ હાવિ થયું કે પછી અપ-ડાઉન કરતા કર્મચારીઓ અમદાવાદ-ગાંધીનગરથી કોરોનાને પોતાની સાથે જિલ્લાની કચેરી સુધી લઈ આવ્યા તે શોધનો વિષય છે.

### બાયડ પોસ્ટ ઓફીસના બે કર્મચારી કોરોના સંક્રમિત

બાયડ પોસ્ટ ઓફીસના ૨ કર્મચારી કોરોનાથી સંક્રમિત બનતાં પોસ્ટ ઓફીસની નિયમિત મુલાકાત લેનારા મુલાકાતીઓમાં ચિંતા હાવિ થઈ છે. બાયડના બસ સ્ટેશન તથા જૂના બસ સ્ટેશન વિસ્તારમાં કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે છતાં સાવધાનીનો અભાવ જોવા મળ્યો છે. બાયડ પોસ્ટ ઓફીસના ૨ કર્મચારીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. બાયડ પોસ્ટ ઓફીસમાં ઓછા સ્ટાફથી કામગીરીને અસર થતી હતી અને હવે ૨ કર્મચારી હોમ ક્વોરન્ટાઈન થતાં કામગીરીને માઠી અસરની દહેશત ઉભી થઈ છે.

### અરવલ્લી આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર સહિત ચાર કોરોનાના સકંજામાં

અરવલ્લી આર.ટી.ઓ. કચેરી-મોડાસાના ઈન્સ્પેક્ટર સહિત કુલ-૪ કર્મીઓ કોરોના પોઝિટિવ આવતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. લાંબા સમયથી બહુ ચર્ચામાં રહેલી આર.ટી.ઓ. કચેરીમાં કોરોનાનો પગપેસારો ક્યાંથી થયો તે મુદ્દો દિવસ દરમ્યાન ટોક ઓફ ધ ટાઉન રહ્યો છે. અન્ય જિલ્લાઓમાં ઓવરલોડ વાહનો સામે આર.ટી.ઓ.એ સખ્તાઈ દાખવી છે. આ સંજોગોમાં અરવલ્લી આર.ટી.ઓ. કચેરીમાં કોરોનાનું આગમન કાગને બેસવું અને ડાળને ભાગવા જેવી કહેવત સમુ બન્યું છે.

### ધનસુરાની ઉદેપુર ગામની પટેલ ફળીમાં અને નવટાંકી કંપામાં કોરોનાનો એક-એક કેસ

ધનસુરાની ઉદેપુર ગામની પટેલ ફળીમાં અને નવટાંકી કંપામાં કોરોનાનો એક-એક કેસ નોધાયો હતો જેને લઈને કલેક્ટરે આ બફર ઝોન વિસ્તારમાં લોકોની અવર-જવર પર ૫. કિ.મી ત્રિજ્યામાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે આ બે કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એક્ટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


## વહીવટી તંત્રમાં ખાટલે ખોડ..!! મોડાસામાં સંજીવની હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડતાં કોરોના દર્દીઓ મુશ્કેલીમાં

### એક તબક્કે હોસ્પિટલ સત્તાવાળાઓએ સારવારથી હાથ અદ્ધર કર્યા

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫ કોરોનાના સકંજામાં ક્રિટીકલ અવસ્થામાં આવેલા દર્દીઓ માટે ઓક્સિજન આવશ્યક છે. ગત રોજ મોડાસામાં સંજીવની હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડતાં કોરોના દર્દીઓના સગાઓને ઓક્સિજનની વ્યવસ્થાના કોલ મળતાં શહેરમાં હલચલ મચી ગઈ હતી. ઓક્સિજનની અછત એટલી હદે પહોંચી કે એક તબક્કે હોસ્પિટલ સત્તાવાળાઓએ સારવારથી હાથ અદ્ધર કર્યા હતા. બૃહદ સાબરકાંઠામાં કોવિડની સારવાર કરતી ખાનગી હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડવાની હોસ્પિટલની ત્રીજી ઘટનાએ વહીવટી તંત્રમાં ખાટલે ખોડ રહી ગયાનો આક્રોશ ઠાલવ્યો હતો.

સમય આવે ત્યારે જે તે વસ્તુનું મૂલ્ય સમજાતું હોય છે. કોરોનાની બીજી લહેરમાં ખાસ કરીને તા.૫ એપ્રિલથી અત્યાર સુધીમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં હોસ્પિટલોમાં દર્દીઓ માટે ઓક્સિજન ખૂટી પડવો, રેમડેસિવિર ઈન્જેકશનની અછત, કાળા બજાર જેવા મુદ્દા હાવિ રહ્યા. હિંમતનગરની સીમ્સ અને શાન હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડતાં કોરોનાના દર્દીઓ ભગવાન ભરોસે થઈ ગયા. સ્થાનિક હોસ્પિટલ સત્તાવાળાઓએ ઓક્સિજન મેળવવા પૂરતા પ્રયત્ન કર્યા પરંતુ ઓક્સિજનના સીલીન્ડર ન મળતાં છેવટે દર્દીઓના સગાઓને અન્ય વ્યવસ્થા કરવાનું કહેણ મોકલવા મજબૂર બન્યા. આ બે ઘટનાઓથી તંત્ર અને ફુડ એન્ડ ડ્રગ વિભાગે કોઈ ધડો ન લીધો અને ગત રોજ કોવિડની સારવાર કરતી મોડાસાની સંજીવની હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડવાની ઘટનાએ તંત્રના આયોજન ઉપર પસ્તાળ પાડી છે. જિલ્લામાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલ, વાત્રક હોસ્પિટલ સહિત શહેરની અન્ય હોસ્પિટલને પૂરતા પ્રમાણમાં ઓક્સિજનનો જથ્થો મળતો હોય તો મોડાસાની સંજીવની હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલની સારવાર થાય છે તો પણ જથ્થો ખૂટવાનું કારણ શું..?? હોસ્પિટલના સત્તાવાળાઓએ ઓક્સિજનના ઓછા સપ્લાય બાબતે તંત્રને જાણકારી આપી ન હતી કે પછી હોસ્પિટલ સત્તાવાળાઓ જ આ બાબતે ગંભીર ન હતા..તેવા અનેક સવાલોના જવાબ અત્યારે પણ અનુત્તર છે.

### મોડી રાત્રે પાંચ સીલીન્ડરની વ્યવસ્થા થતાં ઘાત ટળી

મોડાસામાં સંજીવની હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડતાં દર્દીઓ ભગવાન ભરોસે થઈ ગયા હતા. હોસ્પિટલના ડાૅક્ટરો દ્વારા ઓક્સિજન સીલીન્ડર મેળવવા માટે તમામ પ્રયત્નો શરૂ કર્યા જેમાં મોંડી રાત્રે માંડ માંડ ૫ સીલીન્ડરની વ્યવસ્થા થતાં કહેવાય છે કે કોરોના દર્દીઓની અને હોસ્પિટલ સત્તાવાળાઓ ઉપરની ઘાત ટળી છે.




### રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જીલ્લામાં "ધન્વંતરી આરોગ્ય રથ" ફાળવાયો

રાજ્યમાં ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા સંચાલિત તા.૧૦ એપ્રિલ ૨૦૨૧ ના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અમદાવાદ ખાતે ૨૦ જેટલી ધન્વંતરી આરોગ્ય રથનું લોકાર્પણ કરાયું હતું. જે અંતર્ગત એક ધન્વંતરી આરોગ્ય રથ અરવલ્લી જીલ્લા માટે ફાળવેલ હતો. જેનું આજ રોજ અરવલ્લી જીલ્લા સેવા સદન ખાતે જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના વરદ હસ્તે "ધન્વંતરી આરોગ્ય રથ" સેવા શરુ કરાઈ. અરવલ્લી જીલ્લાના શ્રમિક લોકોને લાભ લેવા માટે "ધન્વંતરી આરોગ્ય રથ" સેવા શરુ કરાઈ. જે અનુસંધાને આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ તથા GVK EMRI 108 વિભાગના કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કોરોના કેર : મે મહિનામાં યોજાનારી પરીક્ષા સ્થગિત

## ઉત્તર ગુજરાતમાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા જૂનમાં યોજવાની સંભાવના

### ૨.૮૦ લાખ વિદ્યાર્થી-વાલીઓની ચિંતા વધારતો કોરોના

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૫ આગામી તા.૧૦ મે. થી યોજનારી ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા યોજવાનો નિર્ણય ગુજરાત સરકારની કેબિનેટ મીટીંગમાં હાલ પૂરતો સ્થગિત કરવામાં આવ્યો છે. સંભવિત રીતે જૂન મહિનામાં પરીક્ષા યોજાશે. સરકારના આ નિર્ણયથી ગુજરાતના ૧૭ લાખથી વધુ અને ઉત્તર ગુજરાતના ૨.૮૦ લાખથી વધુ વિદ્યાર્થી-વાલીઓની ચિંતા કોરોનાએ વધારી છે.

કોરોનાએ સરકારની અનેક વહીવટી કામગીરી, વિકાસને થંભાવી દીધા પછી શિક્ષણને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. દર વર્ષે માર્ચમાં યોજાયેલી બોર્ડની પરીક્ષા કોરોનાએ કોહરામ મચાવતાં પ્રથમવાર બોર્ડના ઈતિહાસમાં મે. મહિનામાં પરીક્ષાનું આયોજન થયું પરંતુ છેલ્લા એક પખવાડીયામાં સમગ્ર ગુજરાતમાં કોરોના બેકાબુ બન્યો છે. સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર થતા આંકડા અને ખાનગી આંકડામાં મોટો તફાવત છે આ સંજોગોમાં સમગ્ર ગુજરાતમાં કોરોનાના કારણે વિનાશક સ્થિતિ હોવાનું સ્વીકારવું પડશે. ત્યારે ગત રોજ સી.બી.એસ.ઈ. બોર્ડ દ્વારા ધો.૧૦ ની પરીક્ષા રદ કરાતાં ગુજરાતમાં પણ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાનારી ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા મુલત્વી રહેશે કે પછી તારીખમાં ફેરફાર કરી લેવાશે તે મુદ્દે છેલ્લા ૨૦ કલાકથી ચાલતા સસ્પેન્સનો અંત આવ્યો છે. રાજ્ય સરકારની મળેલી કેબિનેટ બેઠકમાં વિદ્યાર્થીઓના વિશાળ હીતમાં નિર્ણય કરી ધો.૧૦-૧૨ ની બોર્ડ પરીક્ષાઓ જે આગામી મે. મહિનામાં યોજાવવાની હતી તે હાલની પરિસ્થિતિએ સ્થગિત રાખવાનો નિર્ણય કરાયો છે. આગામી તા.૧૫ મે.ના રોજ કોરોના સંક્રમણની સ્થિતિની પુનઃ સમીક્ષા કરીને પરીક્ષાની નવી તારીખ જાહેર થશે તેમ પણ જાણવા મળ્યું છે.

### અન્ય ધોરણોમાં માસ પ્રમોશનની સંભાવના વધી

મે મહિનામાં યોજાનારી ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે સ્થગિત કરવામાં આવી છે. સંભવ છે કે જૂન મહિનામાં પરીક્ષા યોજાય. આ તમામ સંજોગોમાં અન્ય ધોરણોમાં માસ પ્રમોશનની સંભાવના વધી છે. ધો.૧ થી ૯ તેમજ ધો.૧૧ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાશે તેવી ચર્ચાઓ ચાલી છે. જો કે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ બાબત સંદર્ભે કોઈ નિવેદન સામે આવ્યું નથી.